बाइश्री नानीबा विरह.

रा. बा. चुनीलाल साराभाइनां

पत्नि.

રચનાર તથા પ્રસિદ્ધ કરનાર,

કવિ શીવલાલ ખુશાલભાઇ બ્રહ્મભટ.

દુહો.

કાયા છોડી કીર્તિને, જગમાં મૂકી જાય;
સરસ રશમ સંસારમાં, લાયક જનની લખાય.

અમદાવાદ.

“ નિર્મળ ” પ્રીંટીંગ પ્રેસ.

સંવત ૧૯૫૮. સન ૧૯૦૨.

ૐ

બાઈશ્રી નાનીબા વિરહ.

રા૦ બા૦ ચુનીલાલ સારાભાઈ જુનાગઢના દીવાનજી સાહેબનાં પત્ની.

દોહરો. નાનીબા નર્મદાસમાં, પરોપકારી પવિત્ર;
જેથી કરીને જેમનું, વર્ણન વિરહ ચરિત્ર. ૧

રાગ પરજ (પરજીયો.)

"કેફી સૈયર જેનો કંથડો, તેનાં પુરવ્યુ પાપ;" એ રાગ.

નાનીબા સ્વર્ગે સીધાવીયાં, પુણ્યશાળી પવિત્ર;
જેથી કરીને જેમનું, વરણાય વિરહ ચરિત્ર. નાનીબા. ટેક.
દલગીર હુવા દેશાપતી રે, વડા નવાબ વજીર;
દાના દરબારી દેશના, ઈસ્લામી અમીર. નાનીબા. ૧
સોકનો સિંધુ રેલાયો રે, સોરઠ દેશ મોજાર;
જુનાગઢમાં શેરી શેરીએ, અફસોસ હુવો અપાર, નાનીબા. ૨
નાનીબાએ તે નગ્રમાં રે, કુદો કીધો જવ કાળ;
સમશાને સૌ આવીયા, તમામ ગૃહસ્થો તતકાળ. નાનીબા. ૩
આડંબર સાથે ઉપડ્યાં રે, રાજ્ય રીતી પ્રમાણ;
સાફ મારગ હુયો શેહેરનો, સુંવરાવ્યુ સમસાન. નાનીબા. ૪
ઉભય બાજુએ ઉભાં રહ્યાં રે, પવિત્ર પુરૂષોને નાર;
દલગીરી ભરેલ દીસતાં, છેલો કરવા જુહાર.
પાલખિ સાહી પ્રતાપીઓ રે, નવલ નાગર વી·

ચતુર શીરોમણી ચાલતા, નીર્મળ છીરકાવી નીર. નાનીબા. ૬
કમકઆટી ભરેલો ભાસીયો રે, તે સમયનો દેખાવ;
દરબારી અને દેશીઓ, ગમી માંહે ગરકાવ. નાનીબા. ૭
આગળ રૂપીઆ ઉછળે રે, પાછળ અન્ન લુટાય;
મેળાવડો મોટો મચ્યો, મગ માંહે ન માય. નાનીબા. ૮
કે. સી. આઇ. ઇ. કેશરી રે, મહેરબાન મદારૂલ મહામ;
બાહાદુર વજીર મહંમદ બાવદીનભાઇ, શેખજી આધે ઇસ્લામ. નાનીબા. ૯
પાલખી પાછળ ચાલતા રે, મોટા મોટા અમીર;
સહુ ગૃહસ્થોને શેઠીઆ, હોતા થકા દલગીર. નાનીબા. ૧૦
ચંદનની ચિતા કરી રે, બુઝાવી છાંટીને દુધ;
વિધિ કરી વિધ વિધની, સર્વ પ્રકારે શુદ્ધ. નાનીબા. ૧૧
સુરભી આપી સમશાનમાં રે, ધાભણુ વચ્છ સમેત;
શૃંગાર સુવસ્ત્રે શોભતી, ઉરમાં આણી સુહેત. નાનીબા. ૧૨
અંત સમે અતિ કર્યાં રે, વિધ વિધનાં પુણ્ય;
દીવાન સાહેબે દીલથી, નેક ન રાખી નુન્ય. નાનીબા. ૧૨
માનખાતર માજી તણા રે, હાટે પાડી હરતાર;
કામદારોની કચેરીઓ, બંધ હવી તે વાર. નાનીબા. ૧૪
માન માટે મેહેતાજીએ રે, બંધ કીધી નિશાળ;
અફસોસી હવાં અતી, વૃદ્ધ જુવાન બાળ. નાનીબા. ૧૫
ગજબકાર આ ગુજર્યો રે, હેબતનાક હેવાલ;
સોરઠ વાસી પડ્યા શોકમાં, કહે કવિ સીવલાલ. નાનીબા. ૧૬
ઉગ્ર ક્ષેત્ર અવની વિસે રે, ગીરનાર કેરૂં ગણાય;
તપશીઓ તપસ્યા કરી, સ્વર્ગ માંહે સીધાય. નાનીબા. ૧૭
એવા મહા ઉગ્ર ક્ષેત્રમા રે, માયે મુકી સુદેહ;
...ાં નીશ્ચે સંચર્યાં, તેમાં નહિ સંદેહ. નાનીબા. ૨૦
... કરી આવિયાંરે, નાનીબા સ્વર્ગ મોઝાર;
...ાપજો, કરૂણાસિંધુ કીરતાર. નાનીબા. ૨૨

રાગ પદ.

" તારૂં ગોકુળ જોવાને આવ્ય રે, મથુરાંનારે વાસી " એ રાગ.

ગયાં નાનીબા ગુણભંડાર રે, પુણ્ય પ્રભા પ્રકાસી;
ધારી સતીયો જેવો સુધર્મ રે, આલમ ઉર ઉદાસી. ગયાં. ટેક.
મધ્યમ વયે માવડી રે, વૈકુંઠે કીધો વાસ;
શાબાશી સારી મેળવી રે, ઉજ્વ કરી ઉજાસ રે. પુણ્ય. ૧
ઉદાર દીલનાં ઉપજ્યાંરે, મોટા મતંબાદર;
સગાં સબંધી સુનાતનો રે, પુરણ મેળવ્યો પ્યારરે. પુણ્ય. ૨
વિવેકી હવાં વડાંરે, કડવુ ન કથ્યાંજ કેણ;
ક્રોધ કરીને કોસમે રે, સદૈવ શીતળ જેમનાં નેણરે. પુણ્ય. ૩
પ્રીતે ઉઠી પરોઢીએ રે, સુવિધ કરતાં સ્નાન;
પુજન કરી પરીબ્રહ્મનુ રે, દેતાં વિપ્રોને દાનરે. પુણ્ય. ૪
ભારજલાં ભારે ઘણાં રે, નાનીબા નેહદાર;
સેહે પડે સર્વ કોઈનેરે, હવાં અંબાનો અવતાર રે. પુણ્ય. ૫
મૃદુ વચન મુખથી વદ્યાં રે, સગાં સંબંધી સાથ;
પરમારથ પર પ્રીતથી રે, અધિક કીધા લાંબા હાથરે. પુણ્ય. ૬
ઘણા વિવેકે ઘર તણો રે, ચલાવ્યો ઘરાચાર;
ઉત્તમ રીતે ઉજળો રે, જાણે દેવાંશી દરબારરે. પુણ્ય. ૭
અલખતને જોઈ અધિકતા રે, કીધો કદી એ ન ગર્વ;
સમાન દ્રષ્ટીએ દેખીયાંરે, ગરીબ તવંગરો સર્વરે. પુણ્ય. ૮
સદ્ ગૃહસ્થ સારાભાઈ તણારે, ચતુર મણિ ચુનીલાલ;
દાના દીવાનજી દીપતા રે, બહાદુર બુદ્ધિ વિસાલ રે. પુણ્ય. ૯
પવિત્ર પત્ની તેમનાં રે, ઇંદુભાઇનાં માત;
સોરઠ આદ્યે અમદાવાદમાં રે, વિવેકી હવાં વિખ્યાત રે. પુણ્ય. ૧૦
આરામ સમે આવિ પડયું રે, દારૂંણ મોટુ દુઃખ;
દીવાનજી ચુનીલાલને રે, વરણાય નહિ તે મુખ રે. પુણ્ય. ૧૧
ખુબજ ખોટ પડી જેમનીરે, કથી કેમ કથાય;

અંતર અગ્ની ઉપજી રે, બુજવી નહી બુઝાય રે. પુણ્ય, ૧૨
દીલાસ્યે દીલ તેમનાં રે, ખરે રહે ન ખામોશ;
ધરતું રૂપ ધરણી ગયાં રે, વળે નહી વડો સંતોશરે. પુણ્ય. ૧૩
સુનું સરોવર હંશ વિનારે, પરવિના પંખી જંન;
પત્ર વિનાનો પીપળો રે, લુણ વિણ ફીકું અન્ન રે. પુણ્ય. ૧૪
મોર વિનાનો મેઊલોરે, ભમર વિણ ભયાનક વંન;
ત્યમ પત્ની વિણ પતી તણું રે, જોર રહીત જીવંન રે. પુણ્ય. ૧૫
માનુની વિણ મન તણી રે, કોની આગળ કહેવાય;
કુંપ છાંયા જેમ કુપમાં રે, સોકજનક સમાય રે. પુણ્ય. ૧૭
શાંતવન કરનાર સર્વનું રે, સીધાવ્યાં સ્વર્ગ મોઝાર;
ગજબ ગલાની એ ગૃહસ્થને રે, પરિવારનો જે પોશનારરે. પુણ્ય. ૧૮
અત્યંત સુખમાં આવિ પડ્યુ રે, વિપ રૂપી આ બુંદ;
સોકજનક સગાં સ્નેહીઓરે, વિવેકી નાતનું વૃંદરે. પુણ્ય. ૧૯
ઘટે નહિ ધણકરી રે, આવી મોટી આ હાણ;
અફસોસ ઉદાર ગૃહસ્થનેરે, શું ગમ્યું હશે શુલપાણરે. પુણ્ય. ૨૦
મીલનસાર સ્વભાવનાં રે, મોટા મનઆદાર;
સારી સલાહ દેઇ સર્વને રે, આનંદ ઉપજાવનાર રે. પુણ્ય. ૨૧
સગાં કુટંબી નાતની રે, માની મન મરીયાદ;
કોઈ સંગાથે ક્રોધમાં રે, કથન કથ્યાં ન એકાદરે. પુણ્ય. ૨૨
શાણીઓને રામા વિશેરે, મોટું પામ્યાં માન;
શુભ શાનોથી સર્વમાંરે, વિવેકી વધ્યાં સુવાણરે. પુણ્ય. ૨૩
નોત્તમ નાગરી નાતમાં રે, પરમ દશાની પ્રીત;
વળો ચલાવી વિવેકથી રે, નિર્મળ રાખી નીત રે. પુણ્ય. ૨૪
હવેલી આદે અલખત તણો રે, ઉરધર્યો ન અહંકાર;
પ્રભુ કૃપા જાણી પીંડમાંરે, વરત્યો વટ વહેવારરે. પુણ્ય. ૨૫
આદે ગુણોથી એમનું રે, ચરચ્યું આ વિરહ ચરિત્ર;
શાબાસી સારી મેળવી રે, પરમજ હવાં પવિત્ર રે. પુણ્ય. ૨૬

વિરહ સંતાપ.

શોકજનક બીના સાંભળી રે, દેશ અને પરદેશ;
ઉદાસ હુવા ઉરમાં રે, સદ્‌ગૃહસ્થો નવાબો નરેશ રે. પુણ્ય.
સંતાપ કરનાર સૌ શેહેરનાં રે. ઓળખાય આ ઠામ;
વિસ્તારી વિગતે કરી રે, મુબારક તેમનાં નામ રે. પુણ્ય.
ખબર સુણી આ ખેદની , ઉમદુ શેહેર અમદાવાદ;
વડા નાગર વડનગરા રે, વડો કરે વિશાદ રે. પુણ્ય.
ખલક પ્રસિદ્ધ ખેંગારજી રે, કચ્છાધિપતી મહારાવ;
દલગીર દીવાનજી તેમના રે, છોટાલાલ આદે ઉમરાવ રે. પુણ્ય.
પ્રખ્યાત પોરબંદર તણા રે, મહારાણા ભાવસિંહજી ભુપ;
શોકજનક બીના સુણી રે, અફસોસ હુવા રાજ્ય સ્વરૂપ રે. પુણ્ય.
દાના દીવાનજી તેમના રે, મણિલાલ અજીતરાય;
ગમગીન હુવા ગુણયલ ઘણા રે, બ્રહ્મક્ષત્રી ભડ કહેવાય રે. પુણ્ય.
નારાજ હુવા નગર તણા રે, જસ્તી મહારાજા જામ;
કારભારી કરૂણાનીધી રે, અફસોસ હુવા અમીરો તમામ રે. પુણ્ય.
ભાવનગરના ભુપતી રે, ભાવસિંહજી મહારાજ;
દીવાન આદે દરબારીઓ રે, નાગર મંડળ હતું નારાજ. પુણ્ય.
નામાંકીત ગૃહસ્થ નડીયાદના રે, નાના સાહેબ દેશાઈ;
વિશાદ કરે વિહારીદાસના રે, જેમણે છટાદાર કીરતી છાઇ રે. પુણ્ય.
પ્રતાપી પાલીતાણા તણા રે, મહારાજા મર્તબાદાર;
ઉદાસ હુવા ઉમદા રે, ધવળ કીરતી ધરનારરે. પુણ્ય.
માહારાણા શ્રીમોહનદેવજીરે, બહાદુર બળદેવ વીર;
દલગીર હુવા દેશોપતી રે, ત્રીકમલાલભાઇ વજીર રે. પુણ્ય.
વડા પ્રસિદ્ધ વિહારી દાસના રે, દેશાઇ બેચરદાસ;
માનસાહેબ મશહુર મેદની રે, ઘા સાહેબ હવા ઉદાસ રે. પુણ્ય.
પ્રખ્યાત પંડ્યા તે પુરના રે, મર્તબાદાર મોતીરામભાઈ;
કમળાશંકર માસ્તર કૃપાનીધી રે, આદે ગૃહસ્થોને ગમી છાઇરે. પુણ્ય,

જેતપર જસદણુ બોયરા રે, આધે હવા ઉદાશ,
ચુડારાણુપુર ભડખ્યા રે, વેરાવળ માંગરોલ પ્રભાસ રે. પુણ્ય.
જુલમ હવો જુનાગઢમાં રે, મોઘી મુકી સુદેહ;
નાનીબાએ તે નગ્રમાં રે, તોડી સાગર ભર્યો સનેહ રે. પુણ્ય.
હાહાકાર હવો ઘણો રે, સોરઠ દેશ મોઝાર;
દામોદર નીર થંભી રહ્યું રે, ધ્રુજ્યો ગઢ ગીરનાર રે. પુણ્ય.
શોકનો સિંધુ રેલીયો રે, જુનાગઢમાં તે વાર;
મેહેલે ને વળી શેરીએ રે, અફસોસ કરે નરનાર રે, પુણ્ય.
ઉદાશ હવા ઉરમાં રે, શ્રીરસુલખાંનજી નવાબ;
બાહોશ બાબી બહુ ઉમદા રે, જાજુરમાન જનાબ રે. પુણ્ય.
બહાદુર બેગમ બીબીઓરે, મહારાણીઓ મર્તબાદાર;
નેહ સંભારી નાનીબા તણો રે, દલગીર હવો દરબાર રે. પુણ્ય.
શાહજાદા શેરજુમાખાનજી રે, પ્રતાપી પાટવી કુમાર;
ઉદાસ હવા ઉરમાં રે, ઉમદા દીલના ઉદાર રે. પુણ્ય.
શોકજનક હવા શેખજીરે, મહેરબાન મદારૂલ મહામ;
મહંમદબાવદીનભાઈ ભલારે, કરે પરોપકારી જે કામ રે. પુણ્ય.
કે. સી, આઇ. ઈ. કેશરીરે મોટા મર્તબાદાર;
વડાવજીર જે રાજ્યના રે, પાદશાહી સખાવતો કરનાર રે. પુણ્ય.
જસ્વી ઝાલા પુરૂષોત્તમરાયજી રે, કરે જે રાજ્ય કારભાર;
નાયબ દીવાનજી નવાબના રે, ઉદાશ હવા ઉદાર રે. પુણ્ય.
વડાનાગર વડનગરા રે, વિધા વિશાદ વીર;
સોરઠ માંહે સવોપરી રે, ઇજિતદાર અમીર રે. પુણ્ય.
હજુર અદાલત તણા રે, સભાસદ ગુલાબદાસ;
લાયક સુત લાલદાસના રે, અધિકારી હવા ઉદાસ રે. પુણ્ય.
ઓપીસર દીવાન ઓપીસના રે, ત્રીકમજી નરભેરામ;
દલગીર હવા દાના ઘણા રે, જે કરે સુરાજ્યનાં કામ રે. પુણ્ય.

શોકાતુર હુવા શેખજી રે, જમાદાર મહંમદ પીરભાઈ;
સેક્રેટરી મ્યુનસીપાલના રે, જે સારી રાખે સુધડાઇ રે. પુણ્ય.
અફસો હરસુખરામ હુવા રે, સદાચરણી સરનાયાધીસ;
પુત્ર પ્રતાપી પંડીતરામના રે, જેમના વસા વીસ રે. પુણ્ય.
ઇંગ્રેજી મેનેજર ઉદાસમાં રે, છગનલાલ હરિલાલ;
બી. એ. બાઇના શોકથી રે, પંચ્યા પરમ દયાલ રે. પુણ્ય.
આત્મજ હરિશંકર તણા રે, જસ્વિ જાદવરાય;
નારાજ નવનિધરાયજી રે, કાયસ્થ કૃપાળુ કહેવાય રે. પુણ્ય.
અબ્બાસાલમ ઉદાસમાં રે, સાલેહીદીભાઈના સુત;
બડા સાહેબ અલારખા રે, મહમંદખાનજી ફરીદખાન સપુત રે. પુણ્ય.
ત્રીજોરીએકાઉન્ટર શેઠજી રે, કાસમભાઇ ઇસ્માલ;
ગમગીન હુવા ગુણિયલ ઘણા રે, બાહોશ બુદ્ધિવિશાલરે. પુણ્ય.
એજંટ મોટા ઉમદા રે, મનસુખરામ સુર્યરામ;
દલગીર હુવા દાના ઘણા રે, જે કરે સુરાજ્યનાં કામ રે. પુણ્ય.
નાંનીબાનાં તે નગ્રમાં રે, ઉમદાં ઔષધ કરનાર;
દાકટર ત્રીભોવનદાસજી રે, ગમગીન હુવા ગુણ ભંડાર રે. પુણ્ય.
નાગર મંડળ નગરનું રે, વૃદ્ધ જુવાન સગીર;
મુત્સદી મોટા રાજ્યના રે, દીલમાં હુવા દીલગીર રે. પુણ્ય.
અલબેલા અમદાવાદમાં રે, અફસોસ હુવો અપાર;
નલવ નાગર નાતમાં રે, ત્રાસદાયક સુંણી તારરે. પુણ્ય.
દાના દીવાન સાહેબને રે, દારૂણ પડીયું દુઃખ;
સંતાપ કરે સ્ત્રી પુરૂષો રે, સર્વ વાતેજ હુતુ સુખ રે. પુણ્ય.
સપુત સારાભાઇ તણારે, ચતુર મણિ ચુનીલાલ.
ચિંતાતુર હુવા ચિતમાં રે, બહાદુર બુદ્ધિ વિશાલ રે. પુણ્ય.
દલગીરી તેમના દીલની રે, કથી નહિ કથાય;
અસહ દુઃખ આવી પડ્યું રે, સહ્યું તે નહિ સહેવાય રે. પુણ્ય.

લાડ ભાભી નાનીબા તણીરે, કસુબા કરે અફસોસ;
દીલાસ્યે દીલ તેમનાં રે, ખરે રહેન ખામોશ રે. પુણ્ય.

ભાઇના મહાશોકથી રે, ઇદુભાઈ જાય અકળાઇ;
અજરતભાઇ ઇદીરા બેનનેરે, લાડ લડાવતાં હંમે હરખાઈ રે પુણ્ય.

જયા બેન ઝુરે ઘણું રે, ચંદ્રા બેન ચિત્ત ઉદાશ;
ઉભયને અશ્રુ શ્રવે રે, પોષણ કરે કો બેસારી પાસ રે. પુણ્ય.

રસિક ભાભીરવે ઘણાં રે, સાસુનો સંભારી સુપ્યાર;
વિસાર્યાં વિસરે નહી રે, ચુવે ચક્ષે આંસુ ચોધારરે. પુણ્ય.

વાલા કાકા વડા ઉદાશમાંરે, વસ્તુ જોઈ વિપરીત;
કુરણાશંકર કુળ ઉજળારે, પ્રભુમાં જેમની પ્રીતરે. પુણ્ય.

ઉદાસ હુવા ઉરમાં રે. ભાણેજ ઉમાભાઇ;
કૃષ્ણલાલને ગૌરજાપ્રસાદને રે, ગજબ ગમી છાઇ રે. પુણ્ય.

આધે સગાં અફસોસમાં રે, નૌત્તમ નાગર નાત;
સંભારી સુભશાનને રે, હેતરની કરે આંસુપાત રે. પુણ્ય.

એજંટ ઉમદાં રાજ્યના રે, શેઠ મોતીલાલ ભાઇચંદ;
શોક જન કહેવા શેઠજી રે, મોટા તણા ફરજંદ રે. પુણ્ય.

દીવાનજીને દીલાસવારે, દીલાસાપત્રો અપાર;
સુન સાહેબો સુનરેશનાંરે, આવ્યાં સારાં સંતોષકારરે. પુણ્ય.

સોકીક કરવા પધારીઆ રે, વડાં રાજ્યોના વજીર;
સદ્‌ગૃહસ્થને સુમીત્રો રે, માનસાહેબ આધે અમીર રે. પુણ્ય.

અફસોસ હદબેહદ હવોરે, કહે કવિરાજ;
જુનાગઢને અમદાવાદનુરે, હતું નાગર મંડળ નારાજરે. પુણ્ય.

શોક વિદારી સર્વનો રે, કહે કવિ શીવલાલ;
સુખ ઉપજાવો શીવજીરે, કરૂણા સિંધુ કૃપાલ. પુણ્ય.

દીર્ઘાયુશ થાઓ દીવાનજી તણુંરે, વડો વધો પરિવાર;
સુયશ સઘળે જામજોરે, ભરપુર ભરો ભંડાર રે. પુણ્ય.

સમાપ્ત.

विज्ञापन.

આ ચોપડી અમદાવાદમાં ખાડિયામાં દેસાઈની પોળમાં બારોટ. શીવલાલ ખુશાલભાઈ (જે ધરમપુરનાં મહારાણાશ્રી નારયણ દેવજીનું વિરહ ચરિત્ર, રાધનપુરના નામદાર નવાબશ્રી બિસ્મીલ્લાખાનજીનો વિરહ, પાલનપુરના મહાખાનશ્રી શેરમહુમદખાનજી દીવાનશ્રી (રાજા) સાહેબનાં મહારાણીજી અમીર બીબીનો વિરહ, જુનાગઢના માજી દીવાન. રા. બા. દેશાઇશ્રી હરિદાસ વિહારીદાસ વિરહ રા. સા. ચીનુંભાઈ માધવલાલનાં માતુશ્રી બાઇશ્રી રેવાબા વિરહ, નાંદોદ નૃપતી પ્રકાશ, પાલનપુરના મહા ખાનશ્રી શેરમહુંમદ ખાનજી દીવાન સાહેબશ્રીનો ઇલ્કાબોત્સવ. સોળંકી નાટક,) વિગેરે પુસ્તકો રચનારને ત્યાંથી મળશે.

કવિ. શીવલાલ ખુશાલભાઇ બ્રહ્મભટ.

ગ્રંથ કર્તા.